JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · iSC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW|મોરછાપ|Colouron+ પતરા
• JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનેટ|PVC શીટ|રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · TATA SHAKTEE GC SHEET
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાળા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ બારસ મંગળવાર ૨૮ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૭

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# જો નાકાબંધી દૂર થાય તો હોર્મુઝ ખોલવા ઈરાનનો પ્રસ્તાવ

**પાકિસ્તાન** દ્વારા અમેરિકાને દરખાસ્ત મોકલાઈ

**પોતાના** પરમાણુ કાર્યક્રમ પર ચર્ચા બાદના તબક્કામાં કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો

**જો કે** ટ્રમ્પ આ પ્રસ્તાવ સ્વીકારે તેવી શક્યતા ઓછી જણાય છે

**કૈરો, તા. 27 (AP):** બે પ્રાદેશિક અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, ઈરાને હોર્મુઝની સામુદ્રધુની પરની પોતાની પકડ છોડવાના બદલામાં અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નાકાબંધી હટાવવા અને યુદ્ધનો અંત લાવવાની દરખાસ્ત મૂકી છે. આ સાથે ઈરાને એવો પણ પ્રસ્તાવ આપ્યો છે કે તેના પરમાણુ કાર્યક્રમના મોટા પ્રશ્ન પર ચર્ચા પછીના તબક્કામાં કરવામાં આવશે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ પ્રસ્તાવ સ્વીકારે તેવી શક્યતા ઓછી જણાય છે. આ પ્રસ્તાવ પાકિસ્તાન દ્વારા અમેરિકા સુધી પહોંચાડવામાં આવ્યો હતો, પરંતુ તેમાં એ મતભેદો વણઉકેલ્યા રહે તેમ છે જેના કારણે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલે યુદ્ધ છેડ્યું હતું. હાલમાં નાજુક યુદ્ધવિરામ અમલમાં છે, પરંતુ અમેરિકા અને ઈરાન હોર્મુઝની સામુદ્રધુનીને લઈને મડાગાંઠમાં ફસાયેલા છે. સામાન્ય સમયમાં વિશ્વના વેપારી તેલ અને ગેસનો પાંચમો ભાગ અહીંથી પસાર થાય છે. અમેરિકી નાકાબંધીનો હેતુ ઈરાનને તેનું તેલ વેચતા અટકાવવાનો છે, જેથી તેની આવકના મુખ્ય સ્ત્રોતને રોકી શકાય. આનાથી એવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે કે જ્યાં તેહરાને ઉત્પાદન બંધ કરવું પડે કારણ કે તેની પાસે તેલનો સંગ્રહ કરવા માટે કોઈ જગ્યા ન રહે.

બીજી તરફ, સામુદ્રધુની બંધ થવાને કારણે ટ્રમ્પ પર દબાણ વધ્યું છે, કારણ કે મહત્વપૂર્ણ મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા તેલ અને ગેસોલિનના ભાવ આસમાને પહોંચ્યા છે. આનાથી તેમના ખાડી દેશોના સાથી પક્ષો પર પણ દબાણ આવ્યું છે, જેઓ તેમના તેલ અને ગેસની નિકાસ માટે આ જળમાર્ગનો ઉપયોગ કરે છે. આ બંધની વૈશ્વિક અર્થતંત્ર પર પણ વ્યાપક અસરો પડી છે, જેનાથી ખાતર, ખોરાક અને અન્ય પાયાની ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે. આ દરખાસ્તમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પરની વાટાઘાટોને પછીની તારીખ પર ટાળવાની વાત છે. ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ યુદ્ધમાં ઉતર્યા તેનું એક મુખ્ય કારણ ઈરાનને પરમાણુ હથિયારો વિકસાવવાની ક્ષમતાથી વંચિત

...અનુસંધાન પાના 13 પર

## હોર્મુઝની સામુદ્રધુની હજુ પણ બંધ

પર્શિયન ગલ્ફના સાંકડા મુખ સમાન હોર્મુઝની સામુદ્રધુનીમાં વાહનવ્યવહાર રોકવાની ઈરાનની ક્ષમતા આ યુદ્ધમાં તેનો સૌથી મોટો વ્યૂહાત્મક ફાયદો સાબિત થઈ છે. આ યુદ્ધ હવે એ વાત પર આવી ગયું છે કે કયો પક્ષ વધુ પીડા સહન કરી શકે છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી તેલના ભાવ સતત વધી રહ્યા છે અને ક્રૂડ તેલથી ભરેલા ટેન્કરો ગલ્ફમાં અટવાયા છે, જેઓ સુરક્ષિત રીતે સામુદ્રધુની પાર કરીને વૈશ્વિક

...અનુસંધાન પાના 13 પર



## ઇરાનના વિદેશ મંત્રી અરાઘચી રશિયામાં પુટિનને મળ્યા

**પોતાના** દેશ માટે વીરતાપૂર્વક લડી રહેલા ઇરાનીઓની રશિયન પ્રમુખે પ્રશંસા કરી

**પશ્ચિમ** એશિયામાં વહેલી તકે શાંતિ લાવવામાં શક્ય તમામ મદદ કરવા રશિયાએ ખાતરી આપી

**મોસ્કો.** ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સોમવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મળ્યા હતા. પોતાના દેશની સંપ્રભુતા માટે બહાદુરી અને વીરતાપૂર્વક લડી રહેલા ઈરાની લોકોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે મોસ્કો પશ્ચિમ એશિયામાં વહેલી તકે શાંતિ લાવવામાં મદદ કરવા માટે તમામ પ્રયાસો કરવા તૈયાર છે. રશિયા પહોંચતા પહેલા ઓમાન અને પાકિસ્તાની નેતૃત્વ સાથે મંત્રણા કરનાર અરાઘચી સેન્ટ પીટર્સબર્ગમાં પુતિનને મળ્યા હતા અને ઈરાનને ટેકો આપવા બદલ તેમનો આભાર માન્યો હતો, તેમ સરકારી સમાચાર સંસ્થા TASS એ અહેવાલ આપ્યો છે. પુતિને અરાઘચી સાથેની તેમની વાતચીત દરમિયાન કહ્યું, મધ્ય પૂર્વમાં વહેલી તકે શાંતિ સ્થપાય તે સુનિશ્ચિત કરવા રશિયા પોતાની

...અનુસંધાન પાના 13 પર

## ટ્રમ્પે કહ્યું, ઈરાને 'વધુ સારો' પ્રસ્તાવ આપ્યો છે

ટ્રમ્પે શનિવારે પત્રકારોને જણાવ્યું હતું કે તેમણે પાકિસ્તાનમાં તેમના દૂતોની મુલાકાત રદ કર્યા પછી, ઈરાને વધુ સારો પ્રસ્તાવ મોકલ્યો છે. તેમણે વિગતો આપી ન હતી પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની શરતોમાંની એક એ છે કે ઈરાન પાસે "પરમાણુ હથિયાર હશે નહીં. ઈરાન આગ્રહ રાખે છે કે તેનો કાર્યક્રમ શાંતિપૂર્ણ છે, પરંતુ અમેરિકા તેહરાનના સંવર્ધિત યુરેનિયમના જથ્થાને હટાવવા માંગે છે, જેનો ઉપયોગ બોમ્બ બનાવવા માટે થઈ શકે છે.

## પુણેમાં મુંબઈ-સોલાપુર વંદે ભારત એક્સપ્રેસ પાટા પરથી ઊતરી ગઈ



**પુણે. તા. 27 (PTI).** સોમવારે સાંજે મુંબઈ-સોલાપુર વંદે ભારત એક્સપ્રેસનો એક કોચ પુણે રેલવે સ્ટેશનમાં પ્રવેશતાં પહેલાં પાટા પરથી ઊતરી ગયો હતો. જોકે, આ ઘટનામાં કોઈ મુસાફરોને ઈજા થઈ નથી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના સાંજે 7.30 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી દક્ષિણ-પશ્ચિમ મહારાષ્ટ્રના સોલાપુર જઈ રહી આ પ્રીમિયમ એસી ટ્રેન (નંબર 22225) પ્લેટફોર્મ નજીકના ક્રોસિંગ પરથી પસાર થઈ રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, "વંદે ભારત ટ્રેનના એક કોચનું એક પૈડું ડાયમંડ ક્રોસિંગ પર પાટા પરથી ઊતરી ગયું હતું. ક્રોસિંગને પ્રાથમિકતાના ધોરણે બદલવામાં આવી રહ્યું છે. આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ નથી." રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે, પુણે સ્ટેશન પર ચાલી

...અનુસંધાન પાના 13 પર

## 1,445 ફૂટ લાંબું 'તિરામિસુ' બનાવી ગિનીસ બુકમાં નામ નોંધાવ્યું




**લંડનમાં** સર્જાયો વિશ્વવિક્રમ, 3,000 ઈંડા અને 50,000 બિસ્કિટનો ઉપયોગ

**લંડનના** પ્રખ્યાત 'શાર્ડ' બિલ્ડિંગ કરતાં પણ વધુ લંબાઈ ધરાવતી આ ઈટાલિયન મીઠાઈ

લંડનના ચેલ્સી ટાઉન હોલ ખાતે ૧૦૦ ઈટાલિયન શેફના સમૂહે વિશ્વનું સૌથી લાંબું 'તિરામિસુ' ડેઝર્ટ બનાવીને નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો છે. ૧,૪૪૫ ફૂટની લંબાઈ ધરાવતી



આ મીઠાઈ લંડનની ૧૩૦ બસોની લંબાઈ બરાબર છે. આયોજક મિર્કો રિક્કીએ જણાવ્યું કે આ પ્રયાસ બ્રિટિશ રાજવી પરિવાર પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે હતો. શેફની ટીમે આ મીઠાઈ પર 'Grazie Your Majesty' (આભાર મહારાજ) લખીને કિંગ ચાર્લ્સને સમર્પિત કરી હતી.

આ અગાઉનો રેકોર્ડ મિલાનની ગેલ્બાની કંપની (૮૯૭ ફૂટ)ના નામે હતો, જેને આ ટીમે લગભગ ૫૦૦ ફૂટના અંતરથી પાછળ છોડી દીધો છે.

**જંગી સામગ્રી:** આ વિશાળ સ્વીટ બનાવવા માટે ૩,૦૦૦ ઈંડા, ૫૦,૦૦૦ લેડીફિંગર બિસ્કિટ અને પુષ્કળ પ્રમાણમાં કોફી તથા મસ્કરપોન ચીઝનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**વિશેષતા:** આ તિરામિસુ લંડનના પ્રખ્યાત ૧,૦૦૦ ફૂટ ઊંચા 'શાર્ડ' (The Shard) બિલ્ડિંગ કરતાં પણ વધુ લાંબું છે. ગિનીસ વર્લ્ડ રેકોર્ડના નિયમો

...અનુસંધાન પાના 13 પર

## દિલ્હી ડાયરી

### પશ્ચિમ બંગાળમાં 'નામ'નું રાજકારણ

'નામમાં શું રાખ્યું છે?' - આ જાણીતી કહેવત હાલમાં પશ્ચિમ બંગાળમાં ચૂંટણી લડી રહેલા કેટલાક ઉમેદવારો માટે મોટો માથાનો દુખાવો બની ગઈ છે. મતદારોને ગેરમાર્ગે દોરવા માટે હરીફ પક્ષોએ 'એકસરખા નામ' ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનું રાજકારણ શરૂ કર્યું છે, જે મુખ્ય ઉમેદવારો માટે ચિંતાનો વિષય બન્યો છે. આ યાદીમાં તૃણમૂલ કોંગ્રેસના સાબિના યાસમીન અને ગૌતમ પાલ, સીપીઆઈ(એમ)ના હાજી શહાબુદ્દીન અને ભાજપના બિરાજ વિશ્વાસ સૌથી વધુ ચિંતિત છે. માલદાની સુજાપુર બેઠક પર યાસમીન માત્ર વિરોધ પક્ષો સામે જ નહીં, પરંતુ પોતાના જેવું જ નામ ધરાવતી અન્ય એક ઉમેદવાર સામે પણ લડી રહ્યા છે. હવે તેઓએ મતદારોને સમજાવવું પડી રહ્યું છે કે વોટ આપતી વખતે માત્ર નામ જ નહીં, પણ તૃણમૂલ કોંગ્રેસનું ચૂંટણી પ્રતીક પણ ખાસ જુએ. આવી જ સ્થિતિ કરણદિઘીના ઉમેદવારોની પણ છે.

### લદ્દાખની નવી ઓળખ: આધાર કાર્ડમાં 'જમ્મુ-કાશ્મીર'ના બદલે 'લદ્દાખ'

'પહાડી રણ' તરીકે ઓળખાતા લદ્દાખને હવે આધાર રેકોર્ડમાં એક અલગ ઓળખ મળી છે. લેફ્ટનન્ટ

...અનુસંધાન પાના 13 પર

## દેશની વર્તમાન ચૂંટણીઓ માટેના પ્રચારનો શોરબકોર શમી ગયો

**પશ્ચિમ** બંગાળમાં બીજા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર સમાપ્ત

**આવતીકાલે** આ મતદાન થવાની સાથે ચાર રાજ્યો અને એક સંઘપ્રદેશની વિધાનસભા ચૂંટણીઓનો અંત આવશે

**મતદારોનો** ચુકાદો ચોથી મેએ જાણવા મળશે

**કોલકાતા, 27:** પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટેનો પ્રચાર સોમવારે સમાપ્ત થયો હતો. આ પ્રચારમાં SIR, ઘૂસણખોરી, ભ્રષ્ટાચાર અને બેરોજગારી જેવા મુદ્દે ભાજપ અને TMC વચ્ચે ઉગ્ર રાજકીય જંગ જોવા મળ્યો હતો, જેમાં બંને પક્ષોએ 142 મતવિસ્તારોના મતદારોને અનેક વચનો આપ્યા હતા. આ પ્રચાર સમાપ્ત થવાની સાથે જ દેશમાં હાલમાં ચાલી રહેલી ચાર રાજ્યો અને એક સંઘપ્રદેશની વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા માટેના પ્રચારકાર્યનો અંત આવ્યો છે.

હાઈ-વોલ્ટેજ પ્રચાર દરમિયાન, ભાજપના નેતૃત્વએ શાસક TMC પર પશ્ચિમ બંગાળને ઘૂસણખોરોનું સ્વર્ગ બનાવવાનો આરોપ લગાવ્યો હતો, જ્યારે મમતા બેનર્જીએ આક્ષેપ કર્યો હતો કે ભગવો પક્ષ વિભાજનકારી રાજનીતિ કરી રહ્યો છે, રાજ્યના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહ્યો છે અને માછલી તથા ઈંડાના વપરાશને નિરુત્સાહિત કરી રહ્યો છે. 29 એપ્રિલે યોજાનારા આ તબક્કાના મતદાનમાં કુલ 3,21,73,837 મતદારો – જેમાં 1,64,35,627 પુરુષો, 1,57,37,418 મહિલાઓ અને 792 ત્રીજી જાતિના મતદારો છે - જેઓ મતાધિકારનો ઉપયોગ કરવા પાત્ર છે. મતદાન 41,001 કેન્દ્રો પર યોજાશે, જેમાં તમામ મતદાન

...અનુસંધાન પાના 13 પર

### ૨૫,૫૩૨ ઉમેદવારોનું ભાવિ આજે નક્કી થશે

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ માટે આજે મતગણતરી

**રાજ્યમાં** 28 હજારથી વધુ અધિકારી 838 હોલમાં મતગણતરી કરશે

**ગ્રામીણ** મતદારોમાં ભારે ઉત્સાહ, પંચાયતોમાં ૬૨%થી વધુ મતદાન

**ગાંધીનગર:** ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના રવિવારે થયેલા મતદાન બાદ હવે આખા રાજ્યની નજર આવતીકાલ ૨૮ એપ્રિલ પર ટકેલી છે. લોખંડી પોલીસ બંદોબસ્ત અને ૩૮૨ બિલ્ડિંગોમાં આયોજિત મતગણતરી કેન્દ્રો પર સવારે ૯ વાગ્યાથી જ્યારે EVMના સીલ ખુલશે, ત્યારે હજારો ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો થશે. આ પરિણામો માત્ર સ્થાનિક સત્તા જ નહીં, પરંતુ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા પ્રજાનો અસલી 'રાજકીય મિજાજ' પણ સ્પષ્ટ કરશે. રાજ્ય ચૂંટણી આયોગના જણાવ્યા મુજબ, મતગણતરી પ્રક્રિયાને પહોંચી વળવા માટે વહીવટીતંત્ર સજ્જ છે. ૨૮,૦૦૦થી વધુ અધિકારીઓ અને ૧૦,૦૦૦ ચતુર્થ શ્રેણીના કર્મચારીઓ અને ૩૩,૭૫૦ પોલીસ જવાન ચુસ્ત બંદોબસ્ત માટે તૈનાત રહેશે. જ્યારે કુલ ૮૩૮ હોલમાં મતગણતરી હાથ ધરાશે.

...અનુસંધાન પાના 15 પર

### એક નજરે મતદાનની ટકાવારી: ૨૦૨૧ Vs ૨૦૨૬

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં મતદાનના આંકડાઓનું વિશ્લેષણ કરતાં જણાય છે કે શહેરી વિસ્તારોમાં જાગૃતિ વધી છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. વર્ષ ૨૦૨૧ની સરખામણીએ આ વખતે મહાનગરપાલિકાઓમાં ૪૩.૬૮% થી વધીને ૪૮.૫૫% જેટલું નોંધપાત્ર મતદાન થયું છે. જોકે, નગરપાલિકા અને પંચાયતોમાં ગત ચૂંટણી કરતા થોડો ઘટાડો જોવા મળ્યો છે.

- **મહાનગરપાલિકા:** ૪૮.૫૫ % (૨૦૨૧માં ૪૩.૬૮ %)
- **નગરપાલિકા:** ૫૮.૧૨ % (૨૦૨૧માં ૫૯.૦૫ %)
- **જિલ્લા પંચાયત:** ૬૦.૬૧ % (૨૦૨૧માં ૬૬.૬૮ %)
- **તાલુકા પંચાયત:** ૬૧.૧૬ % (૨૦૨૧માં ૬૬.૮૪ %)

આ આંકડા સ્પષ્ટ કરે છે કે ગામડાઓમાં હજુ પણ લોકશાહીના પર્વ પ્રત્યેનો ઉત્સાહ ૬૦ ટકાથી વધુ સાથે બરકરાર છે, જ્યારે મોટા શહેરોમાં ૫ ટકા જેટલો મતદાનનો વધારો રાજકીય સમીકરણોમાં મોટી ઉથલપાથલના સંકેત આપી રહ્યો છે.

### 5 વર્ષમાં દ્વિપક્ષીય વેપાર $5 અબજ સુધી પહોંચાડવાનું લક્ષ્ય

## ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર થયો

**ભારતની** ૧૦૦ ટકા નિકાસને ન્યૂઝીલેન્ડમાં ડ્યુટી-ફ્રી પ્રવેશ

**ભારતે** ૭૦.૦૩ ટકા ટેરિફ લાઇન પર ટેરિફ ઉદારીકરણની ઓફર કરી

**આ** વર્ષના અંત સુધીમાં આ કરાર અમલી બને તેવી શક્યતા

**નવી દિલ્હી, 27 (PTI):** ભારત અને ન્યુઝીલેન્ડે સોમવારે એક 'પેઢીમાં એકાદ વાર' થતા ઐતિહાસિક વેપાર સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતી હેઠળ ટેક્સટાઈલ, ચામડાના ફૂટવેર, રત્નો અને આભૂષણો સહિત નિકાસ થતી ભારતની ૧૦૦ ટકા સ્થાનિક ચીજવસ્તુઓને ન્યુઝીલેન્ડમાં ડ્યુટી-ફ્રી પ્રવેશ મળશે.

આ સમજૂતી આ વર્ષના અંત સુધીમાં અમલી બનવાની ધારણા છે, કારણ કે તેને ન્યુઝીલેન્ડની સંસદની મંજૂરીની જરૂર છે. ભારતમાં, કેન્દ્રીય કેબિનેટ વેપાર સમજૂતીને મંજૂરી આપે છે. કોઈ વેપાર કરારમાં બીજી વખત એવું બન્યું છે કે ભારતને ૧૫ વર્ષમાં ૨૦ અબજ યુએસ ડોલરના એફડીઆઈ (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ)ની પ્રતિબદ્ધતા મળી છે. અગાઉ ચાર યુરોપિયન દેશોના બ્લોક 'EFTA' સાથેના કરારમાં ભારતને ૧૦૦ અબજ યુએસ

...અનુસંધાન પાના 13 પર

### કરારની મુખ્ય વિશેષતાઓ:

**નિકાસમાં મોટો ફાયદો:** ટેક્સટાઇલ, ફૂટવેર અને રત્ન-આભૂષણો સહિત ભારતની ૧૦૦% સ્થાનિક ચીજવસ્તુઓ પર હવે ન્યુઝીલેન્ડમાં કોઈ ડ્યુટી (કર) લાગશે નહીં. અગાઉ આ વસ્તુઓ પર ૧૦% સુધીનો ટેરિફ હતો.

ઐતિહાસિક રોકાણ: આ કરાર હેઠળ ન્યુઝીલેન્ડે આગામી ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ યુએસ ડોલરના એફડીઆઈ (FDI) ની પ્રતિબદ્ધતા આપી છે. રોકાણના લક્ષ્યાંકને સુનિશ્ચિત કરવા માટે 'રીબેલેન્સિંગ ક્લોઝ'નો પણ સમાવેશ કરાયો છે.

**ઉદ્યોગોને રાહત:** ભારતને લાકડાના

...અનુસંધાન પાના 13 પર

### ભારતના કેટલાક ડેરી અને કૃષિ ઉત્પાદનોને કરારમાંથી બાકાત રખાયા

ન્યૂઝિલેન્ડને ડ્યુટી છૂટછાટ આપવામાંથી ભારતના અમુક સંવેદનશીલ ક્ષેત્રોના રક્ષણ માટે અમુક ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે. સંવેદનશીલ ક્ષેત્રોના રક્ષણ માટે ૨૯.૯૭ ટકા ટેરિફ લાઇનને બાકાત રાખવામાં આવી છે. જે ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે તેમાં મુખ્યત્વે ડેરી (દૂધ, ક્રીમ, દહીં, ચીઝ વગેરે), પ્રાણીજ ઉત્પાદનો (ઘેટાના માંસ સિવાય), કૃષિ ઉત્પાદનો (ડુંગળી, ચણા, વટાણા, મકાઈ,

...અનુસંધાન પાના 13 પર

### ન્યાય તોળાય એટલું પુરતું નથી, તે દેખાવો પણ જોઇએ

## હાઈકોર્ટના જજ સમક્ષ ઉપસ્થિત થવાનો કેજરીવાલનો ઈન્કાર

**દિલ્હી** હાઇકોર્ટના જજ સ્વર્ણકાંતા શર્માને પત્ર લખીને કહ્યું કે એક્સાઇઝ પોલિસી કેસમાં તેઓ તેમની સમક્ષ હાજર થશે નહીં, સુપ્રીમ કોર્ટમાં જશે

**નવી દિલ્હી, તા. ૨૭(પીટીઆઇ):** આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માને પત્ર લખીને જણાવ્યું છે કે, તેઓ એક્સાઈઝ પોલીસી કેસમાં તેમની સમક્ષ વ્યક્તિગત રીતે અથવા વકીલ દ્વારા હાજર થશે નહીં, તેમ પાર્ટીએ



કેજરીવાલે પાછળથી X પર એક વિડિયો સંદેશ પોસ્ટ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે તેમની લડાઈ જીતવા કે હારવા વિશે નથી, પરંતુ સાચા અને ખોટા વિશે છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ આ બાબતે જસ્ટિસ શર્મા દ્વારા આપવામાં આવેલા અગાઉના આદેશ સામે સર્વોચ્ચ અદાલતમાં જવાની તૈયારી કરી રહ્યા છે. કેજરીવાલે તેમના વીડિયોમાં કહ્યું, લોકો મને પૂછી શકે છે કે જો હું કેસમાંથી હટવાના ઓર્ડરથી અસંતુષ્ટ છું, તો હું સુપ્રીમ કોર્ટમાં કેમ નથી જતો? હું તેની તૈયારી કરી રહ્યો છું, આ એક ખૂબ જ સંવેદનશીલ કેસ છે. કાયદો, ન્યાયતંત્ર પ્રત્યે આદર અને જનતાના વિશ્વાસને ધ્યાનમાં રાખીને, હું એક સમયે એક ડગલું ભરી રહ્યો છું. હું આ પગલું અહંકાર, બળવો કે ન્યાયતંત્રના અપમાન તરીકે નથી લઈ રહ્યો. પત્રમાં સત્યાગ્રહના સિદ્ધાંતો અને મહાત્મા ગાંધીના ઉપદેશોને પણ ટાંકવામાં આવ્યા છે, જેમાં કેજરીવાલે કહ્યું છે કે તેમનો હેતુ ન્યાયતંત્રને મજબૂત

...અનુસંધાન પાના 13 પર

તા. ૨૭-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૧° સે. | ૨૮.૦° સે. | ૬૮% |